

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*માલ્યા-ઠગો બેન્કની આંબલી ઝૂડાઝૂડ કરે છે,*
*મોંઘવારી કકળાટે પ્રજા બૂડાબૂડ રહે છે,*
*ભૂંડાભૂંખ નેતાઓ રચ્યાપચ્યા છે કૂડાકૂડમાં -*
*દંભી દોડાદોડે 'દેશ-નેતા' ઉડાઉડ કરે છે.*
*('વિશ્વ દર્શન' - છૂપો એજન્ડા?!)*

### હાઈકુ

*શીખે રસાઈ!*
*આધુનિક ગૃહિણી -*
*ફી દૈ ને પણ...*
*(સંસ્કાર-કલાસીસ)*

*થયું જાહેર -*
*'ખડૂસ' મંત્રીઓનું*
*અન્ડર-વર્લ્ડ!!*
*(છે બધા એકના એક)*

### ચિંતન

**યેન ત્વેતાનિ સર્વાણિ સંગૃહીતાનિ ભારત ।**
**યદ્‌બલાનાં બલં શ્રેષ્ઠં તત્ પ્રજ્ઞાબલમુચ્યતે ॥**

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે બળ દ્વારા આ બધાં બળોનો સંગ્રહ થઈ જાય છે તથા જે સર્વ બળોમાં શ્રેષ્ઠ છે તે 'બુદ્ધિબળ' (પ્રજ્ઞાબળ) કહેવાય છે.

વિદુર મનુષ્યનાં પાંચ પ્રકારના બળ ગણાવે છે : (૧) બાહુબળ, અમાત્યબળ (મંત્રીબળ), (૩) ધનબળ, (૪) કુલીનતાનું બળ અને (૫) બુદ્ધિબળ. આ પાંચેય અનુક્રમે એક-એકથી ચઢિયાતાં છે. એમાંય બુદ્ધિબળ તો સૌથી ચઢિયાતું છે : કેમ કે બળથી તો સર્વ બળોનો સમન્વય થાય છે. બુદ્ધિ કે પ્રજ્ઞાના બળથી તો સર્વ સમસ્યાઓ ઉકેલી શકાય છે. સર્વત્ર-સર્વ વાતે વિજયી મેળવી શકાય છે.

### સુવિચાર

- આપણને જે ગમે તે કરવાં કરતાં જે કરીએ તે ગમાડવું એ વધુ મોટી સિદ્ધિ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નિષ્કલંક અંતરાત્મા જેવું મુલાયમ ઓશીખું બીજું કોઈ નથી - **અમૃતબિંદુ**
- આપણું શાણપણ આપણા અનુભવમાંથી નીપજે છે અને અનુભવ આપણ મુર્ખાઈમાંથી પેદા થાય છે - **કાંતિ ભટ્ટ**
- અનુકંપા ભરેલું એક પણ કાર્ય ચાહે એટલું અલ્પ હોય છતાં કદી નકામું જતું નથી - **ચિત્રલેખા**
- અદૃશ્યને જેસો જોઈ શકે છે તેઓ જ અશક્યને આચરી શકે છે - **સ્વેડ માર્ડન**
- જે અનિવાર્ય છે તેની સામે રકઝક કરવાનો અર્થ નથી, ઈશાની વાયરા સામે એક જ દલીલ થઈ શકે, ધાબળો ઓઢી લેવાની - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : વાગવા ઉપર ફૂદીનાના તાજા પાન બાંધવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

બૌધધર્મમાં સૌથી મોટો નિયમ-ધ્યેય-સિદ્ધાંત છે કે સત્ય - હોય તો 'ક્ષમા' અને 'મૌન' છે.

જાપાનીઝ કલાકાર જિનોકુ ગુરુ પાસે દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ માટે ગયા ગુરુ ઈક્કેઈ ખૂબ સમર્થ હતા. જેવા જિતોકુ ગુરુની ગાદી પાસે જઈ વંદન કર્યા કે તરત ગુરુએ પાસે પડેલી સોટીના બે-ત્રણ ફટકા પીઠ પર ચોડી દીધા.

જિનોકુ કંઈ પણ સમજ્યા વિના - વંદન કરી ખંડની બહાર નીકળી ગયા. બીજે દિવસે ફરી ગયા ત્યારે પણ ગુરુજીએ બે'ક વાર ધીરેથી સોટી મારી. જિનોકુ ફરી બહાર નીકળી ગયા.

ત્રીજે દિવસે જયારે જિનોકુ વંદન કરી લાકડીના મારની રાહ જોતા હતા. ત્યારે ગુરુજીનો પ્રેમ-વાત્સલ્ય ભર્યો હાથ તેમની પીઠ પર ફર્યો અને દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

ગુરુજી એટલું જ બોલ્યા - બેટા! મૌન અને ક્ષમાનું પાલન કરજે.

# બે વરિષ્ઠ સર્જકોનું સમયોચિત સમ્માન

કવિ માધવ રામાનુજને ગુજરાત સાહિત્ય અકાદમી 'સાહિત્ય ગોરવ' પુરસ્કારથી નવાજે છે અને વરિષ્ઠ હાસ્યલેખક વિનોદ ભટ્ટને રમણલાલ નીલકંઠના નામ સાથે શરુ થનાર પહેલું પારિતોષિક જાહેર થયું છે ત્યારે સ્વાભાવિક રીતે જ આપણી ભાષાના આ બેઉ સમર્થ સર્જકોના સમયોચિત સમ્માન માટે ગુજરાત સરકારને તેમજ એના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાહિત્ય અકાદમીને અભિનંદન પાઠવવાનું મન થાય. થોડા જ વખત પહેલાં આ જ સંસ્થા દ્વારા વરિષ્ઠ ચિંતક અને નિબંધકાર ગુણવંત શાહને પ્રથમ 'સાહિત્ય રત્ન' પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આવા પારિતોષિકો અને અનેકવિધ સાહિત્યિક કાર્યક્રમોને લીધે ગુજરાતમાં અગાઉ કયારેય નહોતું એવું સાહિત્યિક વાતાવરણ બંધાઈ રહ્યું છે, જે સામાન્ય પ્રજા માટે ઘણું ઉપકારક છે. આ એક પ્રકારની ઝુંબેશ છે, જેનાં પ્રેરણાસ્રોત છે શિક્ષિકામાંથી મુખ્યમંત્રી બનેલા શ્રીમતી આનંદીબેન પટેલ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણી. ગુજરાત સાહિત્ય અકાદમીને શ્રી ભાગ્યેશ જહા જેવા દૃષ્ટિવંત સૂત્રધાર સાંપડ્યા છે, જે પોતે પણ એક સંવેદનશીલ કવિ-નિબંધકાર અને પ્રખર વક્તા છે. એમના સૂત્ર સંચાલન હેઠળ ગુજરાતના ખૂણે ખૂણે સાહિત્યિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, તેથી ગુજરાતી સાહિત્યજગતમા એક પોઝિટિવ મેસેજ જઈ રહ્યો છે. માધવ રામાનુજ જેવા નખશિખ કવિને 'સાહિત્ય ગૌરવ' એવોર્ડથી નવાજવાનો નિર્ણય ઘણો જ સમયોચિત છે. કવિએ કવિકર્મથી ઉચ્ચતર સિદ્ધિ હાંસલ કરીને નેપથ્યે શરી જવાનું ન હોય. એ માણસ પણ છે એટલે એનો સમાજધર્મ પણ બજાવવો જ રહ્યો. માધવ રામાનુજ મૂળે ચિત્રકળાના શિક્ષક, હાડે કવિ પરંતુ એથીય ચડિયાતા સમાજસેવક તરીકે ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. ગુજરાતની જ નહીં બલકે સમસ્ત એશિયાની સૌથી મોટી કિડનીની હોસ્પિટલના કર્ણધાર ડૉ. એચ.એલ. ત્રિવેદીના જમણા હાથ સમા કવિએ સંત શિરોમણિ મોરારિ બાપુની રામકથા દ્વારા હોસ્પિટલને માતબર દાન મેળવી આપીને સાહિત્યકારનો સમાજધર્મ બજાવ્યો છે. ગુજરાતી કવિતાના ઈતિહાસમાં તો માધવ રામાનુજનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું જ છે, સાથે જ ગુજરાતના કર્મશીલોમાં પણ એમની આગવી મુદ્રા અંકિત થઈ છે. એક સાહિત્યકાર નવી પેઢી માટે રોડ મોડેલની ગરજ સારી શકે છે, તે એમના વ્યક્તિત્વ અને કૃતિત્વ ઉપરાંત કર્મશીલતાથી સાબિત થયું છે. એવા જ બીજા વરિષ્ઠ સર્જક વિનોદ ભટ્ટ જયોતિન્દ્ર દવે પછીના ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ હાસ્યલેખક છે. ઉંમરે પહોંચ્યા છતાં એમની કલમ એવી જ રમતિયાળ અને લીલી રહી છે. સૌથી વધારે વંચાતા લોકપ્રિય લેખકોમાં વિનોદ ભટ્ટનું નામ મોખરે છે. આપણા પ્રશિષ્ટ હાસ્યકાર અને સમાજસુધારક રમણલાલ નીલકંઠ કે જેમને સવિશેષ 'રાઈના પર્વત' જેવા દીર્ઘ નાટકના જ સર્જક તરીકે ગુજરાત સવિશેષ ઓળખે છે, એમની સંપૂર્ણ ગ્રંથાવલીના પ્રકાશન ટાણે જ એમના નામના એવોર્ડની જાહેરાત કરીને ગુજરાત સાહિત્ય અકાદમીએ એ પૂર્વસૂરિનું સમયોચિત તર્પણ કર્યું છે. બેઉ એવોર્ડ વિજેતા સર્જકો અને અકાદમીને 'હાર્દિક' અભિનંદન.

**તંત્રીસ્થાનેથી...**

# મુન્નાને સ્કૂલમાં મૂકવાનો સમય પાકી ગયો છે!

'મુન્નાને નિશાળમાં મૂકવાનો સમય પાકી ગયો છે -'
લોકો કહ છે
એની પાપા-પગલી બહારના વિશ્વ સાથે
હાથ મેળવે એનો સમય થઈ ગયો છે.
રસ્તા ઉપર ઊભરાતી અસંખ્ય મોટરો, બસો
સાઈકલોથી બચાવી બચાવી
કોણ તેને નિશાળના ઉંબરે મૂકશે - ફુલની જેમ?
કોણ તેના ભેરું હશે વર્ગમાં? કોઈ તોફાની જિદ્દી-મશ્કરા :
એને હેરાન તો નહીં કરે ને?
મારો મુન્નો ખૂબ શાંત છે. સામો હાથ પણ નહીં ઉપાડે!
કેવી હશે તેની ટીચર? પ્રેમથી નીતરતી એની - આંખો હશે
કે પછી 'ચૂપ બેસો' કહેતી સોટી લઈને ઊભી રહેશે બે કડક આંખો?
થાય છે : મારા નાનકડાં ઘરમાં જ એક બાલમંદિર સજાવું.
બાળકોને હસતાં રમતા ગીત ગાતા કરું!
અથવા મુન્નાની જોડે રોજ એની શાળામાં જઈને બેસું અને તેને જોઉં...
પણ તેના પપ્પા હસી પડે છે, કહે છે :
'તું ગાંડી છે - દરેક મા એ કયારેક તો... વિખૂટા થવું જ પડે છે...'
સવાલ માત્ર સમયનો છે...

- વિપિન પરીખ

આ કવિતા જૂન મહિનાના આ પહેલા સપ્તાહમાં નવા સત્રથી ચાલુ થતી નિશાળે જતા દરેક ભૂલકાને અને તેની માતાને લાગૂ પડે છે. હા! જે બાળક પહેલથી આ ભણતરની ચક્કીમાં પીસાઈ રહ્યું છે. તેની વાત કાવ્યમાં નથી... અહીં એવા શિશુની વાત કરવામાં આવી છે. જેણે ચાર-પાંચ વર્ષ સુધી ઘરની બહાર જે દુનિયા છે, તેનો પરિચય જ નથી કર્યો... ગર્ભમાંથી અવતરિત થયા પછી સવિશેષ માના સહવાસમાં અને પરિવારજનોની હૂંફમાં જ મસ્તરામ બનીને જેનો ઉછેર થયો હોય, એવા હૃદયના ટુકડાને જયારે પહેલીવાર નિશાળમાં મૂકવાનો સમય આવે ત્યારે માના હૃદયમાં કેવા-કેવા ભાવ જન્મે છે, તે અહીં તાદૃશ કરવામાં આવ્યું છે.

સંતાનને જ્ઞાનના કે પછી અજ્ઞાનના પાઠ ભણાવવા માટે શાળાઓ તો મૂકવો જ પડશે, આ શિષ્ટાચાર છે, આવશ્યક છે. પા-પા પગલી ભરી લીધા પછી હવે વિશ્વ સાથે ભાથ ભીડવાનો સમય આવી ગયો છે. આમ જોવા જઈએ તો આપણા જીવનનો ઉત્તમ તબક્કો - જયાં સુધી આપણે સ્કૂલે ન ગયા હોઈએ, તે સમય છે. જયાં સુધી આ ખટપટવાળી દુનિયાનો સામનો કરવાનો વારો નથી આવતો ત્યાં સુધી મજા-મજા છે... પરંતુ આ તબક્કો છૂટી ગયા પછી...

અહીં એક માતાને ચિંતા થાય છે કે દૂધ પીતો બાળક સાવ ઢીલો અને કુમળો છે, નવા વાતાવરણમાં અને નવા ચહેરાઓની વચ્ચે એ કેવી રીતે રહી શકશે! નાની-નાની વાતે જીદ કરનારો કાલુ-કાલુ બોલીને પોતાનું કહ્યું મનાવનારો આપણા ઘરનો રાજકુમાર નિશાળમાં તો પાયદળનો એક સૈનિક બની જવાનો છે... આ બધા પાયદળીયાઓની લગામ સેનાપતિ ઉર્ફે કલાસ ટીચરના હાથમાં હશે... અથવા તો ચા કરતા કીટલી ગરમ મોનિટરનાં હાથમાં...



વિચારયાત્રા
ડો. જય ઓઝા

આજે જયારે પ્લેગ્રુપ અને નર્સરીના રાફડા જન્મ્યા છે અને આવા સમયમાં કે જયારે શિક્ષણ એ નર્યો વેપાર બની ગયો છે, ત્યારે બજારમાં, બાળકને વેપારીઓ વચ્ચે એકલો અટૂલો મૂકવાનો સમય આવે ત્યારે સ્વાભાવિક રીતે માનું હૃદય કોચવાઈ ઊઠે. પોતાનો પ્રાણપ્યારો મુન્નો કે મુન્ની નિશાળમાં તો માત્ર રોલ નંબરથી જ ઓળખાવાના છે.

આપણી આંખનો તારો નિશાળમાં તો આકાશમાંના અસંખ્ય તારાઓ માનો એક બની જવાનો છે. 'યસ મૅમ' કહેતા મોડું થશે તો ટીચર ખીજાશે તો નહીં ને! ઘરમાં જે પાટવીકુંવરને એકના એક સવાલના પ્રેમથી વારંવાર જવાબ આપતા હોઈએ તે કુંવરની જિજ્ઞાસા નિશાળમાં સંતોષાશે કે પછી પૂછ-પૂછ કરવાથી વઢ પડશે?

અને આવી બધી ચિંતાઓને કારણએ માતા ગાંડી-ઘેલી કલ્પનાઓ કરવા લાગે છે કે મારા બાળક માટેનું ગુરુકુળ ઘરમાં જ બનાવું. મારા વ્હાલસોયાને દુનિયાની ભઠ્ઠીમાં શેકાવા નથી મૂકવો... આમેય કહેવાય છે ને કે 'એક માતા સો શિક્ષકની ગરજ સારે.' બાળક માટેનું અધ્યાપન મંદિર ગૃહમંદિરમાં જ સજાવાની કલ્પના કરે છે... અથવા તો કહે છે કે પોતે જ સંતાન સાથે જઈને નિશાળમાં બેસશે.

અને ત્યારે કાવ્યની અંતિમ ત્રણ પંક્તિમાં બાળકના પિતા હસીને વાસ્તવિકતાનું દર્શન

અનુસંધાન પાના નં. ૭ પર

# મરને તળિયે જીવીએ : દુનિયા દેખે નૈ



કેટલાંક વ્યક્તિત્વ એવા હોય છે કે જેમને સદેહે જોવાની તક ન મળી હોય છતાં તેમનું નામ સ્મરણ કરીએ અને તરત જ અંતરમાં આનંદ અને ઉલ્લાસ આપમેળે પ્રગટ થાય છે. આવું એક ધન્યનામ એટલે મુકુન્દરાય પારાશર્ય. ૨૦૧૪ નું વર્ષ તેમની જન્મશતાબ્દીનું વર્ષ હતું. પહેલાં મે-૨૦૧૫ માં તેમણે લખેલી સત્યકથાઓ પુનઃ પ્રકાશિત કરવામાં આવી.

"મરને તળિયે જીવીએ, દૂનિયા દેખે નૈં,
મકના, એવી છીપ થા કે મોતી પાકે મૈં."

પ્રસિદ્ધિની રજમાત્ર પરવા કર્યા સિવાય માત્ર કર્મની કેડીએ ડગ માંડવાના સંસ્કાર આ ભાવનગરી કવિને વિચક્ષણ દિવાન સર પ્રભાશંકર પટ્ટણીના જીવનમાંથી મળ્યા હોય તે બનવા જોગ છે. સંસારમાં રહીને, સાંસારીક જવાબદારીઓ નિભાવીને પુષ્પની જેમ સતત સંસ્કારની સુગંધ પ્રસરાવતા આ નખશીખ સૌજન્યશીલ અને સૌમ્ય સર્જકને ગુજરાતીઓ કદી વિસરી શકશે નહીં. એમની ભાતીગળ સ્મૃતિ એમના સર્જનો થકી રંગ રેલાવતી રહેશે. મકરંદી ગુલાલ એમણે રેલાવી જાણ્યો છે.

અમે તો જઈશું અહીંથી પણ આ
અમે ઉડાડયો ગુલાલ રહેશે.

'સત્યં પરમ્ ધીમહિ'નો મંત્ર જીવી જનાર આ સર્જક સત્યકથાઓ લખીને સમાજ પર પોતાનું રૂણ ચડાવીને ગયા છે. તેઓએ માત્ર સત્યકથાઓ લખી હોત તો પણ અમરત્વને વર્યા હોત એ નિર્વિવાદ છે. સત્યકથાઓ લોકો સુધી પહોંચી શકે તે માટે 'કુમાર' સામયિક તથા તેના તંત્રીશ્રી બચુભાઈ રાવતે ભજવેલો ભાગ સરાહનિય છે. સારા સામયિકો સત્વવાળું વાચન સમાજ સુધી પહોંચાડીને ઘણી મોટી સેવા કરતા હોય છે. આ વાતની પ્રતિતિ કદાચ આપણને થતી નથી પરંતુ આવી સેવાનું મૂલ્ય ઘણું છે. મૂળ કચ્છના અને મુંબઈમાં વસતા હાજી મહમ્મદ અલારખિયા શીવજીએ ગુજરાતીમાં "વીસમી સદી" જેવું એક સારું સામયિક આપવા પ્રયાસ કર્યો તે જાણીતી ઘટના છે. મહેન્દ્રભાઈ મેઘાણીએ ૧૯૫૦ થી શરૂ કરેલું 'મિલાપ' આજે પણ યાદ આવે ત્યારે તેની ખોટ વરતાયા કરે છે. કવિ ઉમાશંકર જોશીનું 'સંસ્કૃતિ' પણ લગભગ ચાર દાયકાની મજલ કાપીને વિરામ પામ્યું. એક સમાજ તરીકે આપણે આવા સુરુચિપૂર્ણ અને સંસ્કારી વાચન પીરસતા સામયિકોને ચલાવવા માટેનો ટેકો કેમ પૂરો પાડી શકતા નથી તે બાબત વિચારણા માગી લે તેવી છે. બચુચાઈ રાવતે સત્યકથાઓ આગ્રહપૂર્વક લખાવી અને 'કુમાર' માં નિયમિત રીતે પ્રકાશિત કરવામાં આવી. સત્યકથાની આ વાતો સમાજની સ્વસ્થતાને સાચવવામાં અને સંકોરવામાં મદદ કરે તેવી બળવત્તર અને અસરકારક છે. વિશ્વ સાહિત્યમાં ગૌરવભેર મૂકી શકાય તેવી આ કૃતિ છે. સદ્‌ભાગ્યે મે-૨૦૧૫માં તે પુનઃ પ્રકાશિત પણ કરવામાં આવી છે. મુકુન્દરાય પારાશર્યે સત્યકથાઓ સહિત અનેક સર્જનો થકી આપણા સાહિત્યની શોભા વધારી છે. એમની રચનાઓમાં ભાવ સહજતા તથા પ્રવાહીતાનો સુભગ સમન્વય જોવા મળે છે.

એની ગાંઠે ત્રણ ભોમનું નાણું
સાધુડા ! જેના મનડામાં મોતી બંધાણું
મોતી બંધાણું એનું દળદર દળાણું વ્હાલા !
છુટયું સંસારનું સરાણું,
હું પદના બંધવાળુ, કંચનકામિનીવાળું
જીવતર છે રાખનું છાણું... સાધુડા !...
મોતી બંધાણુ એથી ગોકુળ વસાણું વ્હાલા !
જમુનાના નીરમાં નવાણું,
માધવની સંગે વ્રજમાં રાસે રમાણું વ્હાલા !
માધવના રહીને જિવાણું... સાધુડા !...
મોતી બંધાણું એનું અંતર છલકાણું વ્હાલા !
એથી સચરાચર ધરાણું,
એની પદરજને છોડી, મનને વૈકુંઠે જોડી,
નહીં રે મુકુન્દથી જવાણું ...
સાધુડા ! જેના મનડામાં મોતી બંધાણું.

બંસીધર કૃષ્ણના રંગે રંગાઈને આકંઠ મહોરી ઉઠેલી ગોપી જે ઉર્મિ વ્યક્ત કરે છે તે આ રચના વાંચીને ફરી યાદ આવે.

વ્રજ વ્હાલું રે ! હું વૈકુંઠ નહી આવું.
ત્યાં નંદકુંવર કયાંથી લાવું ? વ્રજ વ્હાલુ રે !

પ્રિતમના રંગે રંગાયેલાને તો અહીં જ 'અનન્તનું લ્હાણું' છે તેને વળી વૈકુંઠની વાટે જવાની, એષણા કયાં છે ? માધવની સંગે જે વ્રજમાં વસે એનું દળદર તો આપમેળે ફિટતું હોય છે જેના મનમાં મોતી બંધાણું છે અને પરમતત્વની અનુભૂતિનો અહેસાસ છે તેની ગાંઠે ત્રણે ભોમનું નાણું છે. આવો નિજાનંદે જિવનાર કોઈનો ઓશિયાળો નથી.



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સંતવાણીની આ સરળતા એજ જ્ઞાન માર્ગના ઉત્તમ તત્વો સહજ રીતે ધારણ કરીને જનજન સુધી પહોંચાડ્યા છે. આવા સ્નેહથી ભરેલા સંતો તથા કવિજનોની સત્વપૂર્ણ વાણીએ ભાવકના દિલમાં સ્નેહ, શ્રધ્ધા તથા ભક્તિના દીવા પ્રગટાવ્યા છે. રાધાનું સમર્પણમય જીવન જોતાંજ કૃષ્ણમયતાની અનુભૂતિ થાય છે. રાધાની ભક્તિની મસ્તી સમજવા કોઈ ગ્રંથ ક્યાં વાંચવો પડે છે? આવી સહજ ભક્તિ અને પ્રસન્નતાનો ભાવ સંતોની સરળ વાણી થકી થતો રહે છે. કવિ મુકેશ જોશીના સુંદર શબ્દો યાદ આવે છે.

કૃષ્ણ નામે ગ્રંથ ના સમજાય તો પણ
સાવ સીધો ને સરળ અનુવાદ રાધા

મુકુન્દભાઈએ લખેલા કથા, પ્રસંગો, વ્યક્તિત્વ દર્શન કે કાવ્યો સત્વશીલ છે. મનડામાં બંધાયેલું આ મોતી એ બાહ્ય જીવનની શોભા વધારવા માટેનું નથી કે નથી દેખાવ કરવા માટેનું આભુષણ. એ મહામૂલા મોતીના ઘેરા રંગોએ કવિને અંતરથી ભીંજવ્યા છે. તેથી જ કવિ કહે છે તેમ માધવના રહીને જીવી જવાનો કિમીયો તેમને હાંસલ થયો છે. કવિ નિજાનંદમય તથા હર્યુંભર્યું જીવન જીવીને તથા અમૂલ્ય પ્રદાન કરીને ગયા. તેમના અનેક સર્જનો આપણી ભાષાના સુશોભિત મહાલયો જેવા મક્કમ તથા નકોર થઈને ટકી રહેશે. પ્રકૃતિનું સત્વ તથા તેનું સ્થાયીપણું મુકુન્દભાઈના સાહિત્યમાં સુપેરે વણાયેલું છે. કવિ કલાપી લખે છે તેમ કવિની સ્મૃતિના તથા તેમના સર્જનોના સંભારણા સમગ્ર પ્રકૃતિનો હિસ્સો બનીને શોભી રહેલા છે.

કુરંગો જયાં કૂદે ભોળાં, પરિન્દાના ઉડે ટોળાં,
કબૂતર ઘૂઘવે છે જયાં, અમારા મહેલ ઉભા ત્યાં!

# પોતાની સૂઝ-આવડત કે ક્ષમતા દ્વારા અજાણ્યાના જીવનમાં સુખ-સુવિધા કે આનંદ પ્રસરાવવાની મજા જ કાંઈક ઔર હોય છે

"આમ લાખના બાર હજાર કરવાના ધંધા તે થતા હશે? આવા બધા સેવાના આયોજનોની વાત છોડો અને સિઝનમાં સીઝનનું કામ કરીને બે પૈસા રળી લ્યો."

એક-બે સાથી મિત્રોએ આધેડ વયના દશરથસિંહને આમ કહ્યું અને આ જમાનામાં આવું આયોજન ન કરવાની સલાહ પણ આપી. હવે સવાલ એ છે કે દશરથસિંહનો એવો કે કેવો સેવાનો વિચાર હતો કે પછી આયોજન હતું?

વાત ભાવેણાના નામે જાણીતા ભાવનગર ગામની - શહેરની છે. આ મહાનગર ભાવસભર ભાવનગર તરીકે આજે પણ દેશ-વિદેશમાં જાણીતું છે.

દરેક ગામ-શહેર કે મહાનગરની કેટલીક પોતાની ઓળખ હોય છે. ભાવનગરના ગાંઠ્યા તો વિશ્વભરમાં વખણાય છે જ, સાથે સાથે અહીંના બંદર પરનું લોકગેટ અને મહારાજ તપ્તસિંહની સ્મૃતિ કરાવતું તપ્તેશ્વર મંદિર આજેય જાણીતા પ્રવાસન સ્થળો છે. અહીંના લોકોની ઓળખ એ છે કે અહીંના લોકો આરામપ્રિય છે - પ્રેમાળ છે - પરોણાગત કરવામાં શુરા છે અને ઉદાર પણ એટલા જ છે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

આવા આ નગરમાં રહેતા લાખ્ખો નાગરિકોની જેમ દશરથસિંહ પણ રહે.

મૂળ ગામડા ગામની ધૂળ - માટીમાં ઉછરેલા આ માણસને પ્રકૃતિ-પ્રવાસ અને પર્યાવરણ સાથે વિશેષ લગાવ. નોકરી-ધંધામાં ઉચ્ચ મધ્યમ વર્ગનો માણસ જેવી સાહ્યબી ભોગવી શકે એવી બધી જ સુખ-સુવિધા અને સાહ્યબી એમને ઈશ્વરે આપી હતી. કૌટુંબિક ભાવનાથી સાથે સાથે એમના હૈયામાં સમાજ માટે કાંઈક કરી છૂટવાની ભાવના પણ ખરી. જેમની સાથે કોઈ પરિચય પણ નથી તેવા લોકોને મદદ કરીને પોતે રાજી રહે એવો પ્રસંગ નજર સામે દેખાય તો વધાવી લે અને ઉમકળાભેર એમાં જોડાય એવી એમની સ્વભાવગત પ્રકૃતિ.

સમાજના જુદા જુદા વર્ગના લોકો એમના મિત્ર વર્તુળમાં હતા, એમાંના કેટલાક શિક્ષકો પણ હતા. મિત્રો જોડે દુનિયાભરના પ્રશ્નોની ચર્ચા કયારેક ચાલે ત્યારે શિક્ષણના અને વિદ્યાર્થીઓના પ્રશ્નો પણ આવે. મધ્યમ વર્ગના કે ગરીબ વર્ગના વિદ્યાર્થીઓની અભ્યાસ ક્ષમતા - તેમના રસરુચિ અને શોખ વિશે વાતો ચાલતી હતી. શહેરની જ કેટલીક શાળાઓનાં વિદ્યાર્થીઓએ કરેલા પ્રવાસોની વાતો ચાલી. એ સમયે શહેરની જ એક શાળાના શિક્ષક મનીષભાઈ પણ હતા. અચાનક દશરથસિંહે એમને પુછ્યું, "તમારી સ્કૂલની દીકરીઓ આ વર્ષે પ્રવાસ જઈ આવી? જવાબ મળ્યો ના. "તો ચાલો આ દીકરીઓને પ્રવાસે લઈ જવાનું આયોજન કરીએ" એમ કહી બે-ત્રણ દિવસમાં એમણે આખ્ખોયે પ્રવાસ-પ્લાન મુકી દીધો. શાળાની દીકરીઓના માતા-પિતાને પરવડે એટલી જ રકમનો ખર્ચો એમાં હતો અને વળી શ્રેષ્ઠ સુવિધાઓ સાથે શાળા સંચાલકોનો અને અન્ય શિક્ષકોનો ઉત્સાહપૂર્ણ સાથ-સહકાર મળ્યો. દીકરીઓ જે ભણતી હતી તેમના માતા-પિતાએ ટૂરના આયોજનમાં વિશ્વાસ મુક્યો. ટૂર જયારે ફાઈનલ થવાના તબક્કા પર હતી એવા સમયે દશરથસિંહે બે-ચાર મિત્રોએ લેખના આરંભે લખેલી વાત કરી.

દશરથસિંહ મનથી મક્કમ હતા. કોઈ વિદ્યાર્થીની નિયત રકમ કરતા ઓછી ફી આપે તો પણ લઈ જવાની એમની તૈયારી હતી જરુર પડે વિદ્યાર્થીઓને ઉત્તમ સુવિધા આપવામાં થોડા રૂપિયા ઘરના જોડવા પડે તો એની પણ તૈયારી એમણે રાખી હતી. બાળકો આનંદદાયક પ્રવાસ કરે - એમની આંખે દુનિયા જુએ - એ જ એમનું સપનું હતું.

અને એ સપનું પુરું પણ થયું. તેઓએ આગેવાની લીધી અને ૯૦થી વધુ દીકરીઓનો પ્રવાસ શરુ કર્યો રેલવેમાં. હાઈસ્કૂલમાં ભણતી આ વિદ્યાર્થીઓને લઈને વિશ્વભરમાં જાણીતા પ્રવાસન સ્થળો પર તેઓ ગયા. જે સ્થળોને પ્રવાસ થયો.

બર્ફીલા પહાડોના સ્થળ મનાલી, ઐતિહાસિક શહેર પઠાણકોટ, ગોલ્ડન ટેમ્પલ અને અમૃતસર, ભારતના સ્વિત્ઝર્લેન્ડ તરીકે ઓળખાતા ખજીયાર તથા બૌદ્ધધર્મનું જાણીતું સ્થળ ધરમશાળા અને અન્ય સ્થળોનો સમાવેશ થયો હતો.

વિદ્યાર્થીઓને કોઈ જગ્યાએ કોમન રુમમાં નહીં પરંતુ પરિવારજનો સાથે જાય તો હોટેલમાં રહે તે પ્રમાણે જ ઉચિત વ્યવસ્થા ગોઠવી હતી. રહેવાની - જમવાની - ટ્રાન્સપોર્ટની - મુસાફરીની એમ તમામ બાબતોમાં વિદ્યાર્થીઓની સલામતી અને સુવિધા સચવાય તેનું ધ્યાન સાથે આવેલી શિક્ષિકાઓ તથા શિક્ષકોએ અને દશરથસિંહે રાખ્યું.

પ્રવાસ પૂરો કરીને સહુ પરત આવ્યા ત્યારે સહુની આંખોમાં આનંદ-ઉલ્લાસ અને મસ્તીની અનુભૂતિ હતી. પરંતુ એ બધામાં સહુથી વધુ આનંદ આ પ્રસંગ પ્રવાસની કલ્પના કરનાર દશરથસિંહને હતો જેમની ઈચ્છા હતી કે સામાન્ય કેમ મધ્યમ વર્ગની વિદ્યાર્થીઓનીઓને વેકેશનમાં એક પ્રવાસ કરાવવો છે, અને એ ઈચ્છા પૂરી થઈ હતી. સાવ ઓછી રકમમાં - પરવડે એવા પૈસામાં વિદ્યાર્થીનીઓ ગ્રુપમાં ફરી આવી એનો એમના માતા-પિતાને પણ આનંદ હતો.



એક સામાન્ય માણસને આવેલા એક સારા વિચારનો લાભ ૯૦ થી વધુ વિદ્યાર્થીનીઓને મળ્યો - એમણે દસ દિવસનો પ્રવાસ કર્યાને આનંદ કર્યો.

પોતાના ઘર-પરિવારના કામકાજ કે નોકરી - ધંધાના કામકાજ સિવાય, એને છોડીને બીજાને માટે કાંઈક કરી છૂટવાની ભાવના હોય ત્યારે સમાજ જીવનમાં સમાનતા-સમરસતા પ્રસરે છે.

ઈશ્વરે માણસને જે આપ્યું છે એમાંથી જ એ ઘર-પરિવાર કે સ્વજન-પ્રિયજન સિવાયના લોકો માટે થોડુંક કાઢે તો એ આપવાનો આનંદ અવર્ણનીય હોય છે. પછી એ પૈસા-વસ્તુ-સમય કે વિચાર કોઈ પણ સ્વરુપે હોઈ શકે છે. પોતાની સૂઝ-આવડત કે ક્ષમતા દ્વારા અજાણ્યાના જીવનમાં સુખ-સુવિધા કે આનંદ પ્રસરાવવાની મજા જ કાંઈક ઔર હોય છે.

આપણા શાસ્ત્રો અને ધર્મગ્રંથોમાં કહ્યું છે કે આપણી આસપાસના માણસો રાજી રહે, સુખી રહે એ જોવાની પ્રત્યેક વ્યક્તિની ફરજ છે અને એમાં યત્કિંચિત ફાળો આપનારા બહુ, લોકો સમાજમાં શ્વસે છે. આવા લોકો જયારે 'પરહિત કાજે' કાર્યો કરે છે ત્યારે એમની આસપાસ માનવતાના અજવાળા રેલાય છે.

**તેજપૂંજ :**

ચાલો સાથે મળી ભગવાનના વાર બની જઈએ, શરત બસ એટલી જ છે, સૌ પ્રથમ માણસ બની જઈએ.

**- હિતેન આનંદપરા**